ફો. પ. અ. નં.૩૬૭/૨૦૨૬
ફો. પ. અ. નં.૩૭૦/૨૦૨૬

| | |
|---|---|
| | દાખલ તારીખ : ૦૪.૦૮.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૪.૦૮.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૦.૦૮.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૬ |

=====================================================
**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**
=====================================================

**ફો. પ. અ. નં.૩૬૭/૨૦૨૬**
**આંક–**

**શ્રી સરકાર** **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**અરમાન કરીમભાઈ વડસરીયા,**
ઉ.વ.આ.૨૧, ધંધોઃ અભ્યાસ,
રે.ચીત્રાવડ, હે.ડાયમંડ બેકરી પાસે,
તા.તાલાલા–ગીર,જી.ગીરસોમનાથ. **...... સામાવાળા**

––––––––––––––––––––––––––––––––––––––––

શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે. ડી. વાળા
સામાવાળા તરફે વિ. વ.શ્રી એમ.જી.શીકોતરા

––––––––––––––––––––––––––––––––––––––––

| | |
|---|---|
| | દાખલ તારીખ : ૦૫.૦૮.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૫.૦૮.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૦.૦૮.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૫ |

=====================================================
**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**
=====================================================

**ફો. પ. અ. નં.૩૭૦/૨૦૨૬**
**આંક–**

**અરમાન કરીમભાઈ વડસરીયા,**
ઉ.વ.આ.૨૧, ધંધોઃ અભ્યાસ,
રે.ચીત્રાવડ, હે.ડાયમંડ બેકરી પાસે,
તા.તાલાલા–ગીર,જી.ગીરસોમનાથ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**૧. શ્રી સરકાર**

**૨. મુળ ફરીયાદી**

**...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. વ.શ્રી એમ.જી.શીકોતરા
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે. ડી. વાળા

---

**:: ફો.પ.અ.નં.૩૬૭/૨૦૨૬ તથા ફો.પ.અ.નં.૩૭૦/૨૦૨૬ ના કામે સંયુકત ચૂકાદો ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપીની તાલાલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૭૨૬૦૯૫૫/૨૦૨૬ થી બી.એન.એસ.ક.૭૫(૧) (આઇ), ૩૫૧(૨), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ-૪,૬, ૧૨, ૧૮ તથા આઈ.ટી.એકટની કલમ-૬૭(બી)(બી) મુજબના ગુના સબબ ધરપકડ થવાની દહેશત હોય તેઓએ આગોતરા જામીન પર મુકત થવા માટે ફો.પ.અ.નં.૩૭૦/૨૦૨૬ થી બી. એન. એસ. એસ.ની કલમ-૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા દાખલ કરેલ છે.

**(૨)** ફરિયાદપક્ષે તાલાળા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૭૨૬૦૯૫૫/૨૦૨૬ ના કામે બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૭૫(૧)(૧), ૩૫૧(૨), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ-૪,૬,૧૨,૧૮ તથા આઈ.ટી.એકટ-૬૭ બી(બી) અન્વયે બી.એન.એસ.એસ.કલમ-૪૮૦(૫) અન્વયે આરોપીના રેગ્યુલર જામીન રદ કરવા માટે ફો.પ.અ.નં.૩૬૭/૨૦૨૬ કરેલ છે. ફો.પ.અ.નં.૩૬૭/૨૦૨૬ તથા ફો.પ.અ.નં.૩૭૦/૨૦૨૬ બંને અરજી એક જ ગુનાના કામે એક જ આરોપી સંબંધે અને એક જ વિષયવસ્તુને બનાવને લગતી હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને અરજી સંયુકત રીતે સાંભળી સંયુકત ચૂકાદો આપવામાં આવે છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એમ.જી.શીકોતરાની દલીલ છે કે, નામદાર કોર્ટે આ જ ગુનાના કામે અમોને જામીન ઉપર મુકત કરેલ છે તેમાં જે જામીનની શરતો લાદેલ તેનુ અમે કોઇ ઉલ્લંઘન કરેલ નથી. પાછળથી ભોગબનનારનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ તેમાં કલમનો ઉમેરો કરેલ જેથી પોકસો એકટની કલમ–૪, ૬, બી.એન.એસ.ની કલમ–૬૫(૧) મુજબનો ઉમેરો કરેલ છે. ફરિયાદીએ પાછળથી ખોટા આક્ષેપો કરેલા છે અને અમોને આજ ગુનામાં ફરી વખત અટક ન કરે તેના માટે અમોએ આગોતરા જામીન અરજી કરેલી છે. જેમા સામેપક્ષે શ્રી સરકાર દ્બારા અમારી જામીનરદ કરવા માટે અરજી કરેલી છે. એક વખત જામીન આપેલ હોય તે ફરીને રદ થઇ શકે નહી. જામીન રદ અસાધારણ સંજોગોમાં થઇ શકે અને આવા કોઇ અસાધારણ સંજોગો ફરિયાદપક્ષે રજુ કરેલા નથી જેથી અમારી અરજી મંજુર કરી ફરિયાદપક્ષના જામીન રદ કરવાની અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ.પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે. ડી. વાળાની દલીલ છે કે, આ જ ગુનાના કામે ભોગબનનારે પોતે પોતાના ન્યુડ ફોટા આરોપીને મોકલેલ તે અંગેની ફરિયાદ સૌ પ્રથમ આપેલ તેમાં નામદાર કોર્ટે હાલના અરજદારની જામીન અરજી મંજુર કરેલ છે. ત્યારબાદ તા.૦૧.૦૮.૨૦૨૬ ના રોજ ભોગબનનારે વિશેષ નિવેદન આપેલ છે તેમાં અરજદારે બળજબરીથી શરીરસંબંધ બાંધ્યાનુ નિવેદન આપતા અમોએ કલમ ઉમેરવાની અરજી આપેલ જે અરજી નામદાર કોર્ટે મંજુર કરેલ છે. આમ, અરજદાર ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે જેથી તેણે જામીન આપેલ છે તે રદ કરવા અરજી કરેલ છે અને અરજદારે આગોતરા જામીન માટે જે અરજી કરેલ છે તે પણ રદ કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોની દલીલ તથા રેકર્ડ ધ્યાને લેતા, હાલના કામે ફરિયાદી આરોપી વિરૂધ્ધ જે ફરિયાદ તા.૧૫.૦૭.૨૦૨૬ ના રોજ આપેલ છે અને તેમાં બનાવનો સમય તા.૧૫.૦૩.૨૦૨૬ ના રોજના બતાવેલ છે અને તે ફરિયાદ અન્વયે આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૭૫(૧)(૧), ૩૫૧(૨) પોકસો એકટની કલમ–૧૨, ૧૮ તથા આઇ.ટી. એકટની કલમ–૬૭(બી)(બી) અન્વયે ગુનો દાખલ કરવામાં આવેલ જે ગુનાના કામે અત્રેની અદાલત દ્બારા

આરોપીને તા.૨૨.૦૭.૨૦૨૬ ના રોજ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે.

**(૫.૧)** જામીન ઉપર મુકત કર્યા બાદ તા.૦૧.૦૮.૨૦૨૬ ના રોજ તપાસ કરનાર અમલદારશ્રીએ ભોગબનનારનુ વિશેષ નિવેદન લીધેલ અને કલમ ઉમેરો કરવા માટે અરજી આપેલ જે અરજી મંજુર કરવામાં આવેલ છે. ભોગબનનારે આરોપી જામીન ઉપર છુટયા બાદ વધુ ગંભીર ગુનામાં સંડોવી દેવા માટે ફરી વખત પોલીસ રૂબરૂ વિશેષ નિવેદન આપી ડિસેમ્બર–૨૦૨૫ માં બળજબરીથી શરીરસંબંધ બાંધેલ છે તેવુ જણાવેલ છે જેના આધારે કલમ ઉમેરો કરવામાં આવેલ છે. કલમ ઉમેરો કરવા માત્રથી તે ગુનાના કામે વધુ સજાની જોગવાઇ હોય તો પણ જામીન રદ કરી શકાય નહી. જામીન રદ કરવા માટે વિશેષ કારણો દર્શાવવા જોઇએ તેવા કોઇ વિશેષ કારણો જણાતા નથી તેમજ ફરિયાદીએ ફરિયાદ આપેલ ત્યારે ભોગબનનારનુ પોલીસ રૂબરૂ નિવેદન લેવામાં આવેલ છે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ નિવેદન લેવામાં આવેલ છે ત્યારે પણ હાલના અરજદારે બળજબરીથી શરીરસંબંધ બાંધેલ તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને ભોગબનનાર ૧૩ વર્ષની ઉંમરની હોય અન્ય કોઇ વ્યકિતઓના કહેવાથી પણ પાછળથી આવી હકીકત જણાવતા હોય તેવુ બનવાની સંભાવના રહે તેમ છે. આ જ ગુનાના કામે ફો.પ.અ.નં.૩૩૩/૨૦૨૬ ના કામે અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય અરજદારને આ અરજી હેઠળ જે જામીનમુકત કરવામાં આવેલ છે તે રદ કરવા યોગ્ય જણાતુ નથી તેમજ જે કલમનો ઉમેરો કરવામાં આવેલ છે. તે સંબંધે આરોપીને અટક કરવામાં આવે તો એક જ ગુનાના કામે જુદા–જુદા તહોમત હેઠળ બે વખત અટક કરેલ ગણાય. ભોગબનનાર વારંવાર નિવેદન બદલે તો આરોપીને વારંવાર અટક કરી શકાય નહી અને જો અટક કરવામાં આવે, જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવામાં આવે તો બે વખત આરોપીને એક જ ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં રહેવુ પડે જેથી જે કલમનો ઉમેરો કરેલ તે તહોમત પુરતા આગોતરા જામીન મંજુર કરવા જરૂરી જણાય છે અને જો અટક કરવાની જરૂર જણાય તો રૂપિયા પંદર હજારના જાત મુચરકા અને જામીન લઇ મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) ફરિયાદપક્ષની આરોપીના જામીન રદ કરવા માટે બી.એન.એસ.એસ.કલમ-૪૮૦(૫) અન્વયે ફો.પ.અ.નં.૩૬૭/૨૦૨૬ ની અરજી આથી **રદ** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીની-બી. એન. એસ. એસ.ની કલમ-૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત થવાની ફો.પ.અ.નં.૩૭૦/૨૦૨૬ ની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૩) આરોપીને અટક કરવાનો પ્રશ્ન ઉભો થાય તો તપાસ કરનાર અમલદારે આરોપી-**અરમાન કરીમભાઈ વડસરીયા,** ઉ.વ.આ.૨૧, ધંધોઃ અભ્યાસ, રે.ચીત્રાવડ, ઠે.ડાયમંડ બેકરી પાસે, તા.તાલાલા-ગીર,જી.ગીરસોમનાથનાઓને રૂા.૧૫,૦૦૦/- ના જાતમુચરકા અને સધ્ધર જામીન રજુ કર્યેથી તાલાલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૭૨૬૦૯૫૫/૨૦૨૬ થી બી.એન.એસ.ક.૭૫(૧), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ-૪, ૬ ના કામે અરજદાર/ આરોપીના રહેઠાણનુ અને નોકરી/ધંધાનુ કાયમી સરનામુ મેળવી મુકત કરવા.

(૪) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદારને તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર થઇ તપાસના કામમાં પુરતો સહકાર આપવો.

(૫) ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૬) હુકમની યાદી સબંધિત પોલીસસ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૮/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬